ગાંધીનગર સમાચાર

'સામાજિક સમરસતા'ના સંદેશ સાથે મશાલ રેલી યોજાઈ

## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન મસાલાની મજાના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક ચાંદીના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે મોતી-લેસપટ્ટી-કાચના ટુકડાના કલાત્મક હિંડોળા યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે અતુલભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન બ્લોક નં. ૨/૪, છ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ મોમેટના હિંડોળા યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા નટુભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૯૩/૨, સે-૩-સી ખાતે લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.

● કલાગુર્જરી ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૧ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે શામળા ગિરધારી સંગીતનો કાર્યક્રમ યોજાશે.

● સંસ્કાર ગૃપ દ્વારા સાંજે ૬.૧૫ કલાકે રક્ષાબંધનની ઉજવણી નિમિત્તે સે-૭ બગીચા ખાતેના વૃક્ષોને રક્ષા પોટલી બાંધવાનો કાર્યક્રમ યોજાશે.

# સમગ્ર શહેર દેશભકિતના રંગે રંગાયું

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં ૭૦મા સ્વાતંત્ર્ય દિવસની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી. ૧૫મી ઓગષ્ટના રોજ શહેરની શાળાઓ, સંસ્થાઓ અને વિવિધ સરકારી કચેરીઓ તેમજ સેકટરના રહેણાંક વિસ્તારોમાં ધ્વજનંદનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરમાં ચોતરફ દેશભકિતનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. દેશભકિતના ગીતોથી શહેર ગુંજી ઉઠયું હતું. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે સમગ્ર શહેર દેશભકિતના રંગમાં રંગાયેલું નજરે પડયું હતું.

**● મધુર ડેરી ખાતે ૭૦માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ**

મધુર ડેરી ખતે યોજાયેલ ધ્વજવંદનના કાર્યક્રમ પ્રસંગે રાષ્ટ્રભાવના ધરાવતા મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ આર. રાણા તેમજ નિયામક મંડળના સભ્યશ્રીઓ





દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી, ધવજવંદન અને રાષ્ટ્ર વંદન કરવામાં આવ્યા હતા. સંસ્થાના મેનેજીંગ ડિરેકટર રોહિત મહેતાએ નિયમક મંડળના સભ્યોને આવકાર્યા હતા અને જણાવ્યું હતું કે આપણને જે ફરજ સોંપવામાં આવી છે તે સંપૂર્ણપણે બજાવીએ એટલું જ નહિ પણ જયાં ફરજ બજાવીએ છીએ તે સંસ્થાને સંપૂર્ણપણે વફાદાર રહીએ. તદઉપરાંત ઉચ્ચ નીતિમત્તા, સંપૂર્ણ કાર્યનિષ્ઠા, અડગ ફરજપાલન અને નિઃસ્વાર્થ સહકારની ભાવના સાથે કાર્ય કરવા સંસ્થાના સર્વે કર્મચારી મિત્રોને હાકલ કરી હતી તેમજ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ સંસ્થાના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ સર્વે નિયામક મંડળના સભ્યો તથા સંસ્થાના સર્વે અધિકારી-કર્મચારી મિત્રોને સ્વાતંત્ર્ય દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.

સ્વાતંત્ર્ય દિનની ઉજવણીની સાથે સાથે મધુર ડેરીમાં ફરજ બજાવતા કર્મચારીશ્રીઓએ દેશ ભકિત ગીત રજૂ કર્યું હતું. તથા સંસ્થાના કુશળ કર્મચારીઓને સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નિયામક મંડળના સભ્યો તથા સંસ્થાના સર્વે અધિકારી-કર્મચારીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હંસાબેન પટેલે કર્યું હતું. અંતમાં સૌએ 'ભારત માતા કી જય, વંદે માતરમ્‌ના ગગન ભેદી નારા સાથે પરસ્પર આઝાદીની શુભેચ્છાઓ પાઠવી કાર્યક્રમની પૂર્ણાહુતી કરી હતી.

**● સે-૧૨ અંબેડકર ભવન ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો**

૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે સે-૧૯ના વિશિષ્ટ બાળકોની ઉપસ્થિતિમાં સે-૧૨ ખાતે ડૉ. આંબેડકર ભવનના પ્રાંગણમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. પી.બી. શ્રીમાળી મેનેજીંગ ડિરેકટર અતિપછાત વિકાસ નિગમના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને માલ્યાર્પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રમેશિમ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના કાર્યકરો, વિશિષ્ટ બાળકો અને પ્રબુદ્ધ નગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પર્વ નિમિત્તે સે-૧૯ના વિશિષ્ટ બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

**● ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી**

૧૫મી ઓગષ્ટના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સે-૨૦ ખાતે ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્ર સ્ટાફ પરિવાર તથા યુનિ.ના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ચિલ્ડ્રન્સ યુનિ.ના કુલપતિએ પ્રેરક ઉદબોધન આપ્યું હતું.

યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. કે.એસ. લિખિયાએ પોતાના પ્રેરક ઉદબોધનમાં જણાવ્યું હતું કે દેશ માટે મરવા કરતા પણ દેશ માટે જીવવું ખુબ અઘરું છે. આપણે દૈનિક જીવનમાં નાની નાની બાબતોમાં રાષ્ટ્રીય બાબતનો વિચાર કરી આપણા જીવનની સમગ્રતામાં રાષ્ટ્રપ્રેમ નિર્માણ કરીએ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રો. ધર્માશુભાઈ વૈદ્ય અને ડૉ. રૂપમબેન ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

**● રોટરી કલબ ઓફ દહેગામ દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી**

રોટરી કલબ-દહેગામ દ્વારા સાંપા, તા. દહેગામની પંકજ વિદ્યાલય ખાતે ૭૦મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સૌ પ્રથમ શાળા પરિવાર દ્વારા રોટરી કલબના હોદ્દેદારો તથા સરપંચશ્રી સહિતના ગ્રામજનોનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કરાયું હતું. ત્યારબાદ રોટરી કલબ દહેગામના પ્રમુખ જગદીશ પટેલના હસ્તે ધ્વજ ફરકાવીને ધ્વજવંદન તથા રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કર્યા હતા. શાળાના ટ્રસ્ટી આદરભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમજ રોટેરિયન અમરિષ પટેલે અનાજ તથા પાણીનો બગાડ ના થાય તેના પર ભાર મૂક્યો હતો. રોટરી કલબના પ્રમુખ શ્રી જગદીશ પટેલે આઝાદીની લડતનો ક્રમબદ્ધ ઈતિહાસ જણાવી સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનની વાત કરી તેને દિલથી યાદ કરવાની અપીલ કરી હતી. આ પ્રસંગે રોટરી સેક્રેટરી પલક શાહ, આસી. ગર્વનર તુલસી પટેલ, ટ્રેનર મહેશ પટેલ, રંગેશ શાહ, નિતિન પટેલ, ડૉ. જયસ્વાલ સહીતના રોટેરિયનો તથા સરપંચશ્રી મણીભાઈ પટેલ, માજી સરપંચ રમણભાઈ, જશુભાઈ, આચાર્ય રમેશભાઈ રાવલ સહિતના મોટી સંખ્યામાં ગ્રામજનો, શાળા પરીવાર, ટ્રસ્ટીઓ, વિદ્યાર્થીઓ સર્વેએ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના મુખ્ય શિક્ષક હિતેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.



**● સે-૨૧માં દેશભકત વેપારી ઓમકારનાથનું સન્માન**

સે-૨૧માં ઓમકાર પાન પાર્લરના માલિકશ્રી ઓમકારનાથ ઠાકુર છેલ્લા ૨૫ વર્ષથી દરરોજની કમાણીમાંથી અમુક ભાગ બચત કરીને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ધામધુમથી કરે છે. ૧૫મી ઓગષ્ટે તેમણે ૫૦૦ કીલો ચોખ્ખા ઘીની જલેબીનું આમ જનતામાં વિતરણ, દેશભકિતના ગીતોનો સંગીત કાર્યક્રમ તથા રકતદાન શિબિરનું આયોજન કરીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે મુસ્લિમ અગ્રણીઓ સર્વશ્રી આઝાદભાઈ મનસુરી ડાયરેકટર નવગુજરાત કોમર્સ કોલેજ, સે-૨૮ તથા શ્રી ઈનાયતઅલી સૈયદ, દરિયાખાન સિપાહી, યુસુફભાઈ મન્સુરી, હુસૈનભાઈ (ભુરાભાઈ) મનસુરી તથા અન્ય મુસ્લિમ અગ્રણીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ધ્વજવંદન કર્યું હતું તથા શ્રીઠાકુરના શહીદ-પ્રેમ અને દેશપ્રેમની કદર કરીને પોચેન્ટ આપીને તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શ્રી સીતારામ પટેલ અને જીતેન્દ્રસિંહ વાઘેલા અને કોંગ્રેસ અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

**● સે-૨૧, શ્રી કમલમ ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો**

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર જિલ્લા દ્વારા જિલ્લા કાર્યાલય શ્રી કમલમ્ સેકટર-૨૧ ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ અધ્યક્ષ નૈલેષભાઈ શાહ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, મહાનગરના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી આઈ.બી. વાઘેલા તેમજ જિલ્લા તથા શહેરના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**● ચિલોડા પ્રાથમિક શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો**

તાલુકાના ચિલોડા પ્રાથમિક શાળાના પટાંગણમાં ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત ગામના સરપંચશ્રી સવાજી ઠાકોરના પ્રમુખ સ્થાને ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગામના સરપંચે ધ્વજવંદન કરી સલામી આપી હતી. આ પ્રસંગે શાળાના બાળકોએ દેશભકિત ગીતો, એકપાત્રીય અભિનય સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ગામના અગ્રણી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના કો ઓપરેટર સભ્ય યાકુબભાઈ મનસુરી તથા એસ.એમ.સી.ના શિક્ષણવિદ નટુભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે ગામના અગ્રણી વિષ્ણુભાઈ પટેલ, ડે. સરપંચ કરણજી વાઘેલા મંડળીના ચેરમેન જૈમિન પટેલ, એમ.એસ.સીના સભ્ય ટીનાજી ઠાકોર, સંજજી ઠાકોર તથા અન્ય મહાનુભાવોના હસ્તે બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## વાતવાતમાં

● છેલ્લા બે ત્રણ દિવસની રજાઓ અને સપ્તાહમાં આગામી દિવસોમાં આવનારી રજાઓના કારણે શહેરની બેંકો તેમજ વીજળી બીલ તથા ગેસબીલના નાણાં ચુકવવા માટે કેન્દ્રો પર લાંબી લચક લાઈનો લાગી હતી.

● તા. ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિને સે-૨૧માં વૈજનાથ માલણેશ્વર મહાદેવ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ રકતદાન કેમ્પનું આયોજન કરાયું હતું જેમાં કુલ ૧૦૭ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું.

● બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના વડા પૂ. પ્રમુખસ્વામીના બ્રહ્મલીન થવાના પગલે શ્રધ્ધાળુઓ દ્વારા તેમના સંભારણા કરાઈ રહ્યા છે. શહેરના સામાન્ય નાગરિકથી માંડીને વીવીઆઈપી મહાનુભાવો દ્વારા સોશ્યલ મિડિયા પર પૂ. પ્રમુખસ્વામી સાથેની તસવીરો અને યાદગાર પળોને અપલોડ કરવામાં આવી રહી છે.

## રાજયમાં દિવ્યાંગ વ્યકિતઓ માટે કૌશલ્ય વર્ધન કેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૬

૧૫મી ઓગષ્ટના રોજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર તથા સાધના પેરેન્ટસ એસોસીએશન ફોર મેન્ટલી ચેલેન્જડ પર્સન્સ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે કૌશલ્ય વર્ધન કેન્દ્રનો ઉદઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં બાળકો સાથે વાલીઓ અને શહેરના અગ્રણી નાગરિકોએ હાજરી આપી હતી.

આ ઉદઘાટન સમારોહમાં પરીવાર નેશનલ ફેડરેશનના પ્રમુખ કર્નલ ડૉ. વી.કે. ગૌતમ, સ્ટેટ ફેડરેશનના પ્રમુખ રાજેન્દ્ર શાહ, કેન્દ્રના કો.ઓર્ડીનેટર શ્રીકાન્ત ત્રિવેદી તેમજ ઉત્થાનના ભાવનાબેન પડંયાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ દરમિયાન આઈ.ટી.આઈ.ના આચાર્ય ભરતભાઈ વ્યાસના જણાવ્યા મુજબ આ કેન્દ્રમાં પ્રથમ તબક્કે ૧૦ છોકરા અને ૧૦ છોકરીઓની એક બેચ શરૂ કરવામાં આવી છે જેમાં વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવ્યો છે.

## શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજની ૨૪મી સભામાં હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૬

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામની ૨૪મી જનરલ સભા રવિવારના રોજ શ્રી ચીનુભાઈ સોમાભાઈ પ્રજાપતિ સમાજ હોલ ખાતે કોદરભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને મળી હતી. આ જનરલ સભામાં હોદ્દેદારો અને કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે નારણભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ તરીકે નંદુભાઈ પ્રજાપતિ, કનુલાલ પ્રજાપતિ, ઈશ્વરભાઈ પ્રજાપતિ, ચંદુભાઈ પ્રજાપતિ અને રાજેન્દ્રકુમાર પ્રજાપતિની વરણી કરાઈ હતી. આ ઉપરાંત મંત્રી પદે જગદીશાઈ પ્રજાપતિ, સહમંત્રી પદે અરવિંદભાઈ પ્રજાપતિ અને શાન્તુભાઈ પ્રજાપતિ યુવા મંચ કન્વીનર માટે હર્ષદભાઈ ગુર્જર, સમુહલગ્ન કન્વીનર માટે અરવિંદભાઈ પ્રજાપતિ તથા આ. ઓડિટર તરીકે લલિતભાઈ પ્રજાપતિ અને કરસનભાઈ પ્રજાપતિની વરણી કરવામાં આવી હતી.

## 'સામાજિક સમરસતા'ના સંદેશ સાથે મશાલ રેલી યોજાઈ






ગાંધીનગર, તા.૧૬

સમાજના તમામ લોકો વચ્ચે એકરૂપતા જળવાઈ રહે તેવા ઉદ્દેશથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ મહાવિદ્યાલય વિભાગ ગાંધીનગર દ્વારા અખંડ ભારત સંકલ્પ દિવસ નિમિત્તે સર્વે જ્ઞાતિના લોકોને જોડતી ભવ્ય મશાલ રેલી યોજાઈ હતી. સામાજિક સમરસતાનો સંદેશો આપતી આ મશાલ રેલીમાં અલગ અલગ જ્ઞાતિના ૬૦-૬૫ જેટલા બંધુઓ-યુવાનોએ ભાગ લીધો હતો.

સે-૧માં આવેલા ગાયત્રી મંદિરના સંત, જિલ્લા સંઘ ચાલક શ્રી નરસિંહભાઈ પટેલ સહિત સમાજના આગેવાનો દ્વારા સાંજે ૬.૧૫ કલાકે આ રેલીનું પ્રસ્થાન કરાવાયું હતું. સમાજમાં સામાજિક સમરસતા કાયમ રહે તેવા હેતુથી યોજાયેલ આ રેલીમાં અલગ અલગ સુત્રો-બેનરો સાથે યુવાનો દ્વારા સામાજિક સમરસતાનો સંદેશો આપવામાં આવ્યો હતો. આ રેલી સે-૧ ગાયત્રી મંદિરથી નીકળી, સે-૨, સે-૭ શોપીંગ, ઘ રોડ, સે-૨ સ્વામિનારાયણ મંદિર અને વિવિધ માર્ગો પર ફરી ગાયત્રી મંદિર ખાતે સમાપન કરવામાં આવ્યું હતું. રેલી બાદ ગાયત્રી મંદિર ખાતે ૧૪ ઓગષ્ટ-અખંડ ભારત સંકલ્પ દિવસ નિમિત્તે એક બૌદ્ધિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાયત્રી મંદિરના મહંત, વિવિધ જ્ઞાતિના આગેવાનો અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

સમાજમાં કાયમી શાંતિ-એકરૂપતા જળવાઈ રહે તેવા હેતુથી વિવિધ જ્ઞાતિના આગેવાનોને એક જ મંચ ઉપર એકત્રિત કરવામાં આવ્યા હતા. ગાંધીનગર વિભાગના બૌદ્ધિક પ્રમુખ પરેશભાઈ જોશીએ મુખ્ય વકતા તરીકે માર્ગદર્શન પણ આપ્યું હતું. આ બૌદ્ધિક કાર્યક્રમમાં ૬૫ જટલા વિવિધ બંધુઓ સહિત યુવાનોએ ભાગ લીધો હતો.

## સે-૨૭ના મકાનમાંથી રૂ. ચાર લાખના દાગીના અને રોકડની ચોરી

**ગાયત્રીનગરના રહેણાંક મકાનને મોડી રાત્રે તસ્કરોએ નિશાન બનાવ્યું તિજોરીમાં રહેલા દાગીના અને રોકડ લઈ તસ્કરો પલાયન**

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટર-૭માં ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા ભાજપના અગ્રણી કાર્યકરના મકાનને મોડી રાત્રે તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને મકાનમાં રહેલી તિજોરીના તાળા તોડી સોના ચાંદીના દાગીના સહિત રોકડ મળી ૪ લાખના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેકટર-૨૭ ગાયત્રીનગરના ભાજપના કાર્યકર ઉરેન પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. ઉરેનભાઈ પટેલ પરિવાર સાથે બે દિવસ સોમનાથના પ્રવાસે ગયા હતા અને ઘરે માત્ર પત્ની જ હતા. ગઈ કાલે સાંજે મોડી રાત્રે ઉરેનભાઈના પત્ની ઘરના ઉપરના માળે સુઈ રહ્યા હતા આ દરમિયાન મકાનમાં નીચે કેટલાક તસ્કરો મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ્યા હતા અને રુમમાં રહેલી તિજોરીના તાળા તોડી અંદર રહેલા સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી અંદાજીત રૂ. ૪ લાખનો મુદ્દામાલ લઈ પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે સવારે જાણ થતા પરિવારે પોલીસને જાણ કરી હતી આથી પોલીસ બનાવસ્થળે દોડી આવી હતી અને ચોરીની વિગતો મેળવી હતી. સે-૨૧ પોલીસે આ ચોરી અંગે ગુનો નોંધી ડૉગ સ્કવોર્ડની મદદથી તસ્કરોને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરના ભાવિકો રજાઓમાં મહાકાલેશ્વરના દર્શને

**અનોખી ભસ્મ આરતીનો લાભ લેવા શ્રાવણની રજાઓમાં અહીં અનેક શ્રધ્ધાળુઓ ઉમટે છે : મહાકાલેશ્વર જયોર્તિલિંગના દર્શન માત્રથી અકાળ મૃત્યુથી મુકિત મળીને મોક્ષ પમાય છે**

ગાંધીનગર, તા.૧૬

ભગવાન ભોળાનાથને રિઝવવાનો શ્રેષ્ઠ સમય એટલે પવિત્ર શ્રાવણ માસ ગણાય છે. દેશભરમાં શ્રાવણ માસ દરમિયાન તમામ શિવાલયોમાં ભોળાનાથની વિશેષ પૂજા અર્ચના થાય છે. સર્વ દેવતાઓમાં એક માત્ર શિવજી એવા દેવ છે કે જેમનું પૂજન લિંગ સ્વરૂપમાં પણ કરાય છે. ભારત દેશમાં ભગવાન ભોળાનાથના મુખ્ય ૧૨ શિવલિંગ સ્થાપિત થયેલા છે જેનો મહિમા ધર્મગ્રંથોમાં વર્ણવ્યો છે તે મુજબ જેને જયોતિર્લિંગ પણ કહેવાય છે. આ જયોર્તિલિંગોનું અલગ અલગ મહત્વ છે જેમાં ઉજજૈન સ્થિત મહાકાલેશ્વર જયોર્તિલિંગનું વિશેષ મહત્વ વર્ણવાયું છે. જેથી પવિત્ર શ્રાવણ માસમાં શહેરના શ્રધ્ધાળુઓ ઉજજૈન સ્થિત મહાકાલેશ્વર મહાદેવના દર્શનનો લાભ લઈ રહ્યા છે.

ધર્મગ્રંથો મુજબ આકાશમાં તારકલિંગ, પાતાળમાં હાટકેશ્વર લિંગ અને પૃથ્વી ઉપર મહાકાલેશ્વરને પૃથ્વીના આધિપતિ માનવામાં આવે છે. મહાકાલેશ્વર મહાદેવની એક ખાસ બાબત એ છે કે બધા જ ૧૨ જયોર્તિલિંગમાં એક માત્ર મહાકાલેશ્વર જ દક્ષિણ મુખી છે. ધર્મશાસ્ત્રો મુજબ દક્ષિણ દિશાના સ્વામી સ્વયં ભગવાન યમરાજ છે જેથી અહીં માન્યતા છે કે મહાકાલેશ્વરના દર્શન માત્રથી અકાળ મૃત્યુથી મુકિત મળીને મોક્ષ



પમાય છે. વધુમાં વિશ્વરભરમાં એક માત્ર જયોતિર્લિંગ આ મહાકાલેશ્વર ભોળાનાથનું છે જયાં શિવજીની આરતી ભસ્મથી થાય છે. જેથી જ આ જયોર્તિલિંગના દર્શને શ્રધ્ધાળુઓ ઉમટે છે અને જેમાં શહેરીજનો પણ આ લાભ મેળવવા શ્રાવણ માસમાં દર્શને પહોંચી જાય છે.

મહાકાલેશ્વર જયોર્તિલિંગ એ પૃથ્વીનું કેન્દ્ર બિંદુ મનાય છે. ઉજ્જૈન સ્થિતઆ મંદિરમાં ભસ્મ આરતી પ્રાચીન સમયે સ્મશાનની ભસ્મથી થતી હતી. પરંતુ ધીમે ધીમે આ પ્રથા બદલાઈ અને હાલ ગાયના છાણમાંથી બનતા છાણાંની ભસ્મથી આરતી થાય છે. ભગવાન મહાકાલેશ્વર અંગે કહેવાય છે કે 'અકાલ મૃત્યુ વો મરે જો કામ કરે ચંડાલ કા, કાલ ઉસકા કયા કરે જો ભકત હો મહાકાલ કા' માટે જ મહાકાલેશ્વર જયોર્તિલિંગના દર્શનનો મહિમા વધી રહ્યો છે.

## કલા ગુર્જરી દ્વારા શામળા ગિરધારી ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાશે

કલા ગુર્જરી ગાંધીનગર દ્વારા તા. ૧૭ ઓગષ્ટના રોજ રાત્રે ૯.૩૧ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે મધુર અને હૈયે વસેલા યાદગાર ગીતોના પ્રેમમય 'શામળા ગિરધારી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમની પ્રસ્તુતિ જાણીતા કલાકારો અમિત ઠકકર અને દિપ્તી દેસાઈ દ્વારા થશે તેમજ ગાયક કલાકાર રાગ મહેતા અને અર્ચિત પાટડીયાના સુરીલા કંઠે ગીતો રજૂ કરવામાં આવશે. કાર્યક્રમનું રસદર્શન કાજલ ઓઝા વૈદની અનોખી શૈલીમાં થશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા તથા ચાલુ વર્ષ માટેનું સભ્ય પદ ન મેળવ્યું હોય તો હોલ પર જ મેળવી લેવા કલા ગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલ દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. વસંતરાવ રામચંદ્ર ગોંદકર, ઉ.વ.૫૯
- સ્વ. બાલુબેન સોમાજી ઠાકોર, ઉ.વ.૭૫
- સ્વ. અમીન નયના મનોજ, ઉ.વ૭૧
- સ્વ. અગ્રવાલ ભરતભાઈ, ઉ.વ.૭૦
- સ્વ. વોરા પુષ્પાબેન લલીતચંદ્ર, ઉ.વ.૮૨